

## પાલનપુરમાં યોજાયો રાવણદહનનો કાર્યક્રમ

આસુરી શક્તિઓ પર વિજયના પ્રતીક સમા 'વિજ્યાદશમી પર્વ'ની પાલનપુરમાં દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. દશેરા નિમિત્તે શહેરના રામલીલા મેદાન ખાતે રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં જય જય શ્રી રામના જયનાદ વચ્ચે ૬૦ ફુટ ઊંચા અહંકારી રાવણ અને તેના પુત્ર મેઘનાદ તથા ભાઈ કુંભકર્મના પુતળાનું દહન કરાયું હતું. રાવણ દહન પૂર્વે ભવ્ય આતશબાજી કરવામાં આવી હતી. રાવણ દહનના કાર્યક્રમને નિહાળવા માટે ભારે જનમેદની ઉમટી પડી હતી. રાવણ દહન બાદ પાલનપુરીઓએ મનભરીને ફાફડા - જલેબીની લિજ્જત માણી હતી.

# ઉત્તર ગુજરાત યુનિ.માં સીસીસીની પરીક્ષા આપવા ગયેલી શિક્ષિકાઓને અટકાવતા હોબાળો

મોડાસા, તા. ૧૧

પાટણ સ્થીત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ગણિત વિભાગ ખાતે સીસીસીની પરીક્ષામાં મોડાસાના મહિલા શિક્ષક સહિત ૩ શિક્ષિકાઓને હોલ ટિકીટ અને ડોક્યુમેન્ટમાં નામમાં ફેરફારના મામલે પરીક્ષામાં બેસવા ન દેતા યુનિ. કેમ્પસમાં હોબાળો મચી ગયો હતો. મોડાસાની મહિલા શિક્ષક દ્વારા ઉત્તર ગુજરાત યુનિ. સીટીના પ્રોફેસર દ્વારા કર્મીઓની મનમાનીના પગલે પરીક્ષા આપતા અટકાવતા મહિલા શિક્ષિકા સહિત અન્ય મહિલાઓએ યુનિ. કુલપતીને રજૂઆત કરાયા બાદ રજીસ્ટર એડીથી રાજ્યના મુખ્યમંત્રી અને શિક્ષણમંત્રી લેખીત રજૂઆત કરી ત્રણ મહિલાઓને થયેલા અન્યાય અને યુનિ.ના કર્મીઓ સામે શિક્ષાત્મક પગલા



ભરવા અને ન્યાય મેળવવા રજૂઆત કરાતા શિક્ષણ આલમમાં ખળભળાટ મચી ગયો છે.

મોડાસા તાલુકાની માધુપુર પ્રા. શાળામાં શિક્ષિકા આશાબેન પ્રજાપતિએ સીસીસી પરીક્ષા માટે પાટણ યુનિ.માં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યુ હતુ. ૭મીને શુક્રવાર પરીક્ષા યોજતા તેઓ હોલ ટિકીટ સાથે પરીક્ષા આપવા ગયા હતા તેમજ શિલ્પાબેન પટેલ (રેવાસ) અને મુક્તિબેન પટેલ (પાટણ) સીસીસીની પરીક્ષા આપવા ગયા હતા. જેમાં પરીક્ષા આપવા આવેલ ત્રણ મહિલા કર્મચારીઓને તેમણે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યુ તે નામના ડોક્યુમેન્ટ રજૂ કરવા છતાં પરીક્ષામાં ન બેસવા દેતા હોબાળો મચી ગયો હતો. હોલ ટીકીટ સાથે પરીક્ષા આપવા પહોંચેલી ત્રણેય મહિલાઓને ઉ.ગુ. યુનિ.ના કર્મીઓએ જે નામે રજીસ્ટ્રેશન કરાવ્યુ હોય તે નામના ડોક્યુમેન્ટની ચકાસણી કરવામાં આવી હતી. જેમાં મહિલા કર્મચારીઓના નામ પાછળ તેમના પિતાનુ નામ ચાલતુ હોઈ તેમણે પાછળ પતિનુ નામવાળા ચૂંટણીકાર્ડ, આધારકાર્ડ રજૂ કરવા છતાં સેન્ટરના સંચાલકોએ અમાન્ય રાખી જે નામે રજીસ્ટ્રેશન કરાવ્યુ હોય તે નામનુ આઈ કાર્ડ રજૂ કરવાનું જણાવાત મહિલા કર્મચારીઓએ તેમના નામ પાછળ પિતા અને પતિના નામવાળા પાનકાર્ડ રજૂ કર્યા હતા. પરંતુ તે ઓળખકાર્ડ પણ ન ચલાવી મહિલાઓને પરીક્ષામાં બેસવા ન દેતા ભારે હોબાળો મચી ગયો હતો. ત્રણેય મહિલાઓએ સીસીસી પરીક્ષામાં બેસવા ન દીધેલા યુનિ.ના કર્મીઓ સામે શિક્ષાત્મક પગલા લેવા યુનિ.ના કુલપતિ, શિક્ષણમંત્રી અને મુખ્યમંત્રીને લેખિત રજૂઆત કરાઈ છે.



સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગરના પોલીસ હેડ ક્વાટર્સ ખાતે મંગળવારે વિજયાદશમીને દિને નાયબ પોલીસ અધિક્ષક સહીત અધિકારીઓએ શુભ મુહૂર્તમાં શસ્ત્રપૂજન કર્યુ હતું.

# કાંકરેજ-દિયોદર રાજપૂત સમાજ દ્વારા દશેરા નિમિત્તે દેવ દરબાર જાગીર મઠ ખાતે શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજાયો

કાંકરેજ, તા. ૧૧

કાંકરેજ તાલુકા રાજપૂત જાગીરદાર સમાજ તથા દિયોદર રાજપૂત સમાજ અને રાજવી પરિવારના માનસિંહજી વાઘેલા, મુળરાજસિંહ વાઘેલા, કિર્તીસિંહજી વાઘેલા, સિદ્ધરાજસિંહજી વાઘેલા, વિજુભા વાઘેલા, ભારતસિંહજી ભટેસરીયા, સુરેશસિંહ વાઘેલા, તેમજ મફતસિંહજી સોલંકી સહિત વિશાળ સંખ્યામાં દિયોદર-કાંકરેજના રાજપૂતો કેસરીયા સાફામાં સજ્જ થઈ તલવારો ધારણ કરી શસ્ત્રપૂજન કાર્યક્રમમાં જોડાયા હતા. જ્યાં ૧૦૦૮ મહંતશ્રી બળદેવનાથજી બાપુએ શસ્ત્રોને કુમકુમ તિલક કરી પુષ્પની પાંખડીઓ, કંકુના છાંટણા કરી બ્રાહ્મણો દ્વારા મંત્રોચ્ચાર સાથે પૂજન કરાયુ હતું. અને ત્યારબાદ સમુહમાં જલેબી-ફાફડાની લિજ્જત માણી હતી અને રાજપૂત સમાજને આશિર્વચન આપ્યા હતા. જેમાં આટકોલી ગામમાંથી રાજપૂત વાઘેલા પરિવાર દ્વારા રૂ. ૧,૧૧૦૦૦નું દાન બળદેવનાથજી બાપુને નગદ આપવામાં આવ્યુ હતુ. જ્યારે અરણીવાડા સોલંકી



રાજપૂત દ્વારા ઘોડીનું દાન આપી દશેરાના પાવન પર્વમાં ચાર ચાંદ લગાવ્યા હતા. આમ કાંકરેજ રાજપૂત સમાજ અને દિયોદર રાજપૂત સમાજના એકતાના દર્શન કરી સૌ કોઈએ દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. દર વખતની જેમ આ વર્ષે પણ દેવ દરબાર જાગીર મઠ ખાતે શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજાતા વિશાળ સંખ્યામાં રાજપૂતો ઉમટ્યા હતા. કાર્યક્રમનું સંચાલન ગાંડાજી બી. વાઘેલાએ કર્યુ હતુ. આભારવિધિ સુરેશસિંહ બી. વાઘેલાએ કરી હતી.

## આ આંખલડી રાતી ને ઉજાગરો કયા રે કીધો !!!



### અરવલ્લી જિલ્લામાં નવમા નોરતે યુવાધન હિલોળે ચઢ્યું : ખેલૈયાઓ ઝૂમી ઉઠ્યા

અરવલ્લી જિલ્લામાં પ્રથમ ચાર નોરતામાં વરસાદ વિઘ્ન બનતા ખેલૈયાઓ અને આયોજક મંડળોમાં નિરાશા વ્યાપી ગઈ હતી. નવરાત્રીના નવમા નોરતે જિલ્લા સહિત મુખ્યમથક મોડાસા શહેરના ગરબા ગ્રાઉન્ડમાં ખેલૈયાઓ રાત્રીના ૮ વાગ્યાથી મેદાનમાં પહોંચી જઈ ગરબાની રમઝટ બોલાવી હતી તેમજ શહેરના ગ્રાઉન્ડોમાં સવારે ૮ વાગ્યા સુધી ખેલૈયાઓએ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. સવારે ૮ વાગ્યા છતા ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી ખીચોખીચ ભરાઈ રહેતા આયોજકોએ ખેલૈયાઓને નમ્ર અપીલ કરી ખમ્મા કરી આવતી શાલ પહેલા નોરતેથી ગરબા રમવા નિમંત્રણ આપી ઓરકેસ્ટ્રા અને સંગીતની સુરાવલીઓ બંધ કરાતા ન છૂટકે ખેલૈયાઓએ મેદાન છોડ્યુ હતુ. જિલ્લાના તમામ ગરબા મેદાનોમાં માનનવમહેરામણ ઉમટતા ગરબા ગ્રાઉન્ડ તેમજ તેની બહાર ભારે ભીડ જામી હતી.



### કાંકરેજ વિભાગમાંથી પાંચમી વખત ચૂંટાઈ આવતા અણદાભાઈ આર. પટેલ

બનાસકાંઠા મધ્ય સહકારી બેંકની ચૂંટણીની પડધમ વાગી રહ્યા છે ત્યારે કાંકરેજ વિભાગમાંથી ૪ જેટલા ફોર્મ રજુ કરાયા હતા. જેમાં ખુશીના સમાચાર સાથે હાલ થરા માર્કેટયાર્ડના ચેરમેન અને કાંકરેજના સહકારી આગેવાન અણદાભાઈ રામાભાઈ પટેલને વિજયી ઘોષિત કરાતા કાંકરેજ વિભાગમાં સતત પાંચમી વખત બનાસકાંઠાના ડિરેક્ટર તરીકેનું સુકાન સંભાળશે. ત્યારે કાંકરેજના રાજકિય આગેવાનો સહિત ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. જો કે અણદાભાઈ પટેલ થરા ખાતે શ્રી બહુચરમાતાજીના મંદિરે દર્શન કર્યા હતા અને શુભએચ્છા પાઠવી હતી. કાંકરેજ તાલુકાની વિવિધ મંડળીઓ અને મંત્રી તથા ચેરમેનોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આમ અણદાભાઈ પટેલની લોકચાહના આંખે ઉડીને વળગતી જોવા મળી હતી.

# નવરાત્રી પૂર્ણ થતા ધાનેરા અંબાજી યુવક મંડળ દ્વારા આરતી પૂજનથી માતાજીને વિદાય આપાઈ

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા અંબાજી યુવક મંડળ દ્વારા નવેનવ દિવસ માતાજીની પૂજા અર્ચના કરી ભવ્ય ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં વિવિધ કલાકારો દ્વારા ગરબાની રમઝટ જમાવી હતી અને ખેલૈયાઓ પણ મનમુકીને ગરબે રમ્યા હતા. આજે છેલ્લા દિવસે સવારના ૬ વાગ્યા સુધી ગરબાની રમઝટ બોલાવી લોકોએ આનંદ માળ્યો હતો. તે બાદ અંબાજી યુવક મંડળ દ્વારા સવારમાં માતાજીની આરતી કરી માતાજીને વિદાય આપી હતી. નવરાત્રીના નવ દિવસ સુખરૂપ અને શાંતિ રૂપ સંપન્ન થતાં અંબાજી યુવક મંડળ ગરબાના આયોજક જયેશભાઈ સોલંકીએ પણ લોકોનો આભાર માન્યો હતો. કલાકારો દ્વારા છેલ્લે એક કલાક દેશ ગીત પાર લોકોને મોજ કરાવી લોકોને તેમજ કાર્યકર્તાઓને ખુશ કર્યા હતા.